## Prashant Padamsi Shah (Pune) awarded as a Green Hero

Founder of Himmat foundation and main force behind R Cube Charity Store, Ar. Prashant Padamsi Shah got acknowledged on a National level by TERI, a leading institute, established by Tatas, dedicated to conducting research for sustainable development of India.

He believes to the core in conservation of energy & natural resources at all levels. His R Cube Charity Store, involved in Reduce, Reuse and Recycle, gives a second life to the used goods and thus brings the locked energy, consumed for manufacturing, into circulation again. We will find numerous examples of people whom he has inspired by his work and are now following the path of conservation of our Mother Earth.




TERI had organized a Green Heroes : Film Workshop and Festival in April-2017, in which this work of Ar. Prashant Shah, along with 20 other Green Heroes of the west zone, was captured in a form of a film making competition. On the day of the film workshop awards, he was honour by the hands of Dr. Ajay Mathur (Director General of TERI), Mr. Abhishek Bachchan (Film Actor & Producer), Shyam Benegal (Filmmaker & New Cinema Pioneer) and Thomas L. Vajda (U.S. Consul General, Mumbai).

We are proud to have such Green Heroes amongst us, who are silently working towards a greener future. Lets get inspired by his work! Lets do our bit.. Reduce, Reuse, Recycle.

**RCube Charity Store**
Shop No. 2, Raghuvansh Apartment,
Plot No. 78, Mayur Colony, Kothrud
Pune, Maharashtra 411038
Mob.: + 91 - 7774086353 / 9763728543
E-mail : rcubecharitystore@gmail.com
Website : www.rcubecharity.org

|| આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર-કવીન્દ્રસાગર-વિરભદ્રસાગર-મહોદયસાગરસૂરી સદગુરૂભ્યો નમઃ ||

સવંત : ૨૦૭૩ || શ્રી આદિનાથાય નમો નમ :|| સન : ૨૦૧૭



# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫. ● ફોનઃ ૦૨૮૩૧-૨૮૨૩૧૮

તા. ૦૩-૦૭-૨૦૧૭

## સાંયરા રત્નને સાંયરા મહાજનની આદરાંજલી...



**"પ.પૂ. કલ્પકિરણાશ્રીજી મ.સા.ના ચારિત્રની સુવાસ,
આત્મામાં પ્રગટાવે વૈરાગ્ય અને ખૂબજ વિશ્વાસ,
પરમપદનાં પવિત્ર પંથે એકાકી કરી દીધો તમે પ્રવાસ,
સાંયરાવાસીઓના હૃદયમાં રહેશે આપનો નિવાસ."**

સાંયરા ગામની ધન્યધરાના અણમોલ રત્નોમાંના એક એટલે અચલગચ્છાધિપતિશ્રીજીના આજ્ઞાવર્તીની મુખ્યા સાધ્વી **પ.પૂ. વસંતપ્રભાશ્રીજી મ.સા.**ના શિષ્યા **પ.પૂ. અર્હતકિરણાશ્રીજી**ના શિષ્યા તથા **પ.પૂ. વિમલાકિરણાશ્રીજી મ.સા.**ના ભત્રીજી **પ. પૂ. કલ્પકિરણાશ્રીજી મ.સા.** ખૂબ નાની ઉંમરે સંયમના સાજ સજી વિતરાગના ઉપવનમાં સુગંધી પુષ્પ બની આપ મહેકી રહ્યા હતા. ચારિત્રની ચુસ્તતા, સ્વાધ્યાયની સુંદરતા, વિનય અને ગંભીરતાનાં ગુણોને કેળવી શ્રેષ્ઠ ચારિત્રયોગને દિપાવ્યો હતો.

કાળના ક્રુર ઝપાટાએ આપને અહિંથી અન્યધામની સફરે મોકલી દીધા. માત્ર ૨૪ વર્ષની કુમળી વયે ૧૪ વર્ષનો સંયમ પાળી ગુણકમાણી કરી. આપ સૌના હૈયામાં નિરંતર સાક્ષાત હાજર રહેશોજ. આપ જયાં હો ત્યાંથી સૌ ગુરૂભક્તોને જગાડતા રહેજો. સહાય કરતા રહેજો. જેથી અમે પણ અમારા આત્માનું કલ્યાણ કરી શકીએ અને આપ શીઘ્રતાએ શાશ્વત સુખનાં સ્વામિ બનો એજ પ્રભુ પ્રાસે અભ્યર્થના... પ્રાર્થના...

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ અને ધાર્મિક સમિતિના જયજિનેન્દ્ર !**

UPASANA - 9820167767

## સાદગી : ધ અલ્ટિમેટ સોફેસ્ટિકેશન

બાસઠ વર્ષનાં સુધાબહેન દિલ્હીની એક કૉલેજના માનસશાસ્ત્ર વિભાગના વડા છે. એમની સંસ્થામાં જ નહીં, તેઓ જ્યાં પણ જાય છે ત્યાં જુદાં તરી આવે છે તેનું કારણ તેમની પ્રતિભા છે અને એ પ્રતિભા સાદગીભર્યા પોષાક અને ગરિમાભર્યા વર્તાવને કારણે વધુ ઓપે છે.




પણ વાત ફક્ત પોષાકની નથી. વાત છે શૈલીની, વાત છે વિચારસરણીની. દિલ્હીની સંસ્કૃતિ કંઈક એવી છે કે સ્ત્રીઓ ઘરમાં પણ લિપસ્ટીક લગાવીને ફરતી હોય. ઘેરાં ચમકતાં કપડાં, હેવી મેકઅપ અને કાર દિલ્હીના મધ્યમવર્ગની ઓળખ બની ગયા છે, ત્યારે મોટા સેમિનારો અને વર્કશોપમાં વ્હાઈટ કે ઑફવ્હાઈટ સિલ્કની સાડી, સફાઈથી કાપેલા અને શેમ્પુ કરેલા પણ રંગ્યા વિનાના સફેદ વાળ, મોતીનાં નાજુક ઘરેણાં, સુંદર પણ ભપકા વિનાની ઘડિયાળ અને ખભે લટકતી જ્યૂટની કલાત્મક પર્સ સાથે હાથમાં જાડી ફાઈલો લઈને ફરતાં કે પછી સફાઈદાર અંગ્રેજીમાં સરસ ભાષણ આપતાં સુધાબહેન પાસે ભલીભલી શ્રીમંત અને ભપકાદાર મહિલાઓ ઝાંખી પડી જાય છે. તેઓ બહુ સુંદર છે તેવું નથી, પણ શરીર અને ત્વચાને કાળજીપૂર્વક સંભાળે છે તેથી હંમેશા તાજગીભર્યાં લાગે છે. તેમની નોંધ દરેક વર્તુળમાં આદરપૂર્વક લેવાતી હોય છે. તેઓ અકડુ બિલકુલ નથી. ઊલટું હળવાં અને હસતાં-હસાવતાં હોય છે, પણ તેમની રમૂજોમાં પણ એક સ્તર હોય છે, એક બૌદ્ધિકતા હોય છે.

આથી ઊલટું, મેડિકલ કૉલેજના ડીન સુલેખાબહેન હંમેશાં ટેન્શનમાં હોય છે. પોતાના વિષયના નિષ્ણાંત અને આતરરાષ્ટ્રીય સ્તરના સંશોધન પેપરો લખતા હોવા છતાં સુલેખાબહેન હંમેશા ટેન્શનમાં હોય છે તેનું કારણ એ છે કે તેમને પોતાના દેખાવથી કૉમ્પ્લેક્સ છે. તેઓ શ્રીમંત છે, ઉંમરના પ્રમાણમાં સુંદર અને સુગઠિત છે, પણ તેમને આત્મવિશ્વાસ આવતો જ નથી. ટેન્શનમાં તેઓ પોષાક અને ઘરેણાંની ખરીદીમાં ગરબડ કરી બેસે છે, સમારંભો કે સેમિનારોમાં જવા તૈયાર થાય ત્યારે તેમને લાગે છે કે પોતે પોષાક અને ઘરેણાંની વધારે સારી પસંદગી કરી શક્યાં હોત. બીજાઓને જોઈને તેમનો કૉમ્પ્લેક્સ વધી જાય છે. પછી વિષચક્ર ચાલે છે. તેમને લાગે છે કે પોતે બીજાથી વધુ જાણકાર ને બુદ્ધિશાળી હોવા છતાં વ્યાખ્યાન આપવામાં કે ચર્ચામાં જોઈએ તેટલો સારો દેખાવ નથી કરી શકતાં. સમજાય નહીં તેવી મૂંઝવણ અને અસંતોષ તેમને સ્વભાવિક થવા દેતા નથી. તેઓ પોતાનાં વતુળોમાં અકડુ તરીકે ઓળખાય છે, પણ તેમને લાગે કે પોતે એકલાં પડી ગયાં છે.

હજી પાંચેક દાયકા પહેલા સુધી આખી દુનિયા પ્રમાણમાં સાદી હતી. ૧૯૯૦ની આસપાસ અમેરિકામાં ભૌતિકવાદનું મોજું ઊઠ્યું અને આખી દુનિયા પર ફરી વળ્યું. ભારતમાં પણ યુવાનો પિતાને કહેવા લાગ્યા, 'ચાદર પ્રમાણે સોડ તાણવાના દિવસો ગયા, બાપુજી દુનિયા હવે જરૂરિયાત ઓછી કરવાને બદલે કમાણી વધારવામાં માનતી થઈ ગઈ'. હા હવે બધાને બધું જ જોઈએ છે. ક્યાંય કોઈ છેડો નથી. સતત કમાવાનું, વસાવવાનું, ખરીદવાનું, મેળવવાનું, દબાણ. આવક અને


**Countdown Begins**

**Dear KDO Queens,**
You all are invited for our much awaited
**Monsoon Sale**
from **"15th to 23rd July 2017"**
**on ready items.**
**Get 10 to 50% Discount**
**Kishor Poladia**
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
28, Gani Mansion, Shop No.1, Behind Arora Theatre,
Opp. Sahakari Bhandar, King's Circle, Matunga (E),
Mumbai - 400 019. **Tel.: 2404 3995**
**P.S.: Our store will remain open on Sundays during SALE.**


## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ - મોટી સિંધોડી

### નેમીનાથ જિનાલય જિર્ણોધ્ધાર બાબત

**સ્થાનિકે જિનાલયના જિર્ણોધ્ધાર માટે નામાંકિત સોમપુરા તથા આ પ્રકારના કામ કરતા અને અનુભવી પાર્ટીઓ પાસેથી ભાવ મંગાવામાં આવે છે.**

**ઇચ્છુક પાર્ટીઓએ નીચે આપેલ સંપર્ક સુત્રોનો વહેલી તકે સંપર્ક કરવા વિનંતી.**

| મેનેજિંગ ટ્રસ્ટી | ટ્રસ્ટી |
|---|---|
| શ્રી તિલકભાઈ લોડાયા | શ્રી ચિમનભાઈ લોડાયા |
| 09930982061 | 09867285195 |

### સ્થાનિકે પુજારી તરીકે

**શ્રી બળવંતભાઈ ચૌવાણ - 099780 55483**
**ફરજ બજાવે છે આપણા ગામવાસીઓ કે કોઈપણ મોટી સિંધોડી જવાના હોય તેઓએ જતા પહેલાં સંપર્ક કરવું જેથી તેમની યોગ્ય વ્યવસ્થા થઈ શકે.**

|| શ્રી શાંતિનાથાય નમઃ || || શ્રી મહાવીર સ્વામી નમઃ || || શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

# કચ્છી જૈન ફાઉન્ડેશન પ્રેરીત
# કચ્છી જૈન સંઘ - લારકીન્સનગર



## ના આંગણે ગૃહચૈત્ય જિનાલયે ચલ પ્રતિષ્ઠા ત્રિહાન્હિકા મહોત્સવ



મહોત્સવ પ્રારંભ : જેઠ સુદ-૩, રવિવાર, તા. ૨૮.૦૫.૨૦૧૭
મહોત્સવ પુર્ણાહૂતિ : જેઠ સુદ-૫, મંગળવાર, તા. ૩૦.૦૫.૨૦૧૭

❖ દિવ્યાશિષ સામ્રાજ્ય ❖
શાસન સમ્રાટ્, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ
આચાર્ય ભગવંત **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

❖ ભવ્યાજ્ઞા માંગલ્ય ❖
અચલગચ્છાધિપતિ, તપ ચક્રવર્તિ, પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

ભવ્યનિશ્રા સાફલ્ય - પ્રેરણા દાતા : સૂરિમંત્ર પંચ પ્રસ્થાનારાધક, સૌમ્ય સ્વભાવી, અનેક તીર્થોદ્ધારક, સાહિત્ય દિવાકર
અમારા સંઘના ઉપકારી પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

**શ્રમણવૃંદ ઉપકારી :**
પ.પૂ. મુનિરાજ
**શ્રી ભદ્રંકરસાગરજી મ.સા.**
પ.પૂ.મુનિરાજ
**શ્રી હેમચંદ્રસાગરજી મ.સા.**
પ.પૂ.મુનિરાજ **શ્રી દેવરક્ષિતસાગરજી મ.સા.**
પ.પૂ.મુનિરાજ **શ્રી હેમરક્ષિતસાગરજી મ.સા.**

**શ્રમણીવૃંદ ઉપકારી :**
પ.પૂ.સાધ્વી
**શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.**
આદિ ઠાણા-૨
પ.પૂ.સાધ્વી
**શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.**
આદિ ઠાણા-૨

ચરમ તીર્થાધિપતિ, પ્રભુવીરના વારસદાર, સૌમ્ય સ્વભાવી, અનેક તીર્થોદ્ધારક, સાહિત્ય દિવાકર અમારા સંઘના ઉપકારી પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબનુ રવિવાર, તા. ૨૮.૦૫.૨૦૧૭ શુકનવંતી સવારે, પુણ્યવંતી ધરા લારકીન્સ નગરે ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ, જેમાં શ્રાવક તેમજ સૌભાગ્યવંતી શ્રાવિકાઓ બેડાઓના શણગાર સહ ભૂલકા, બાળકો અને બાળાઓ, ઢોલ-શરણાઇના સૂરે જોડાયા હતા, જિન શાસનના ધજા પતાકાઓ ગણેશનગરના માર્ગે લહેરાવતા સર્વે યુવાઓ ઉત્સાહ પૂર્વક શ્રી સંઘની શોભામાં અભિવૃદ્ધિ કરતાં રહ્યા. જ્યાં ગુરૂ ભગવંતોના દર્શન દુર્લભ હોય ત્યાં અમને પ્રભુ તૂલ્ય ગુરૂભગવંત **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી હેમચંદ્રસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી ભદ્રંકરસાગરજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા.** ના દર્શન-વંદન-વાણી સહ ચતુર્વિધ સંઘનો લાભ મળ્યો.

ગુરૂદેવના મુખેથી ગૃહચૈત્ય જિનાલયે આરસની પ્રતિમા સ્વરૂપે પ્રભુ મહાવીર સ્વામીની પ્રતિમા ચલ પ્રતિષ્ઠિત કરવા તેમજ ઉપસ્થિત શ્રી સંઘના અગ્રણી **શ્રી ઠાકરશી કેશવજી ગડા (નાના રતડીયા)** અને **શ્રી જીગ્નેશ લખમશી દેઢીયા CA** (ગઢસીસા) અને સંઘના સર્વાનુમતે સોમવાર, તા. ૨૯.૦૫.૨૦૧૭ના શુભ મુહૂર્તે શ્રી નવનીત નગરે પ્રભુ મહાવીરની ઉત્થાપન વિધિ, પ્રભુજીનો નગર પ્રવેશ, પોંખણા વિધિ, પ્રભુજીનો ગૃહચૈત્યે પ્રવેશ, પ્રભુજીની સ્થાપના અને ચલ પ્રતિષ્ઠા વિધાન, દ્વારઉદ્‌ઘાટન નિર્ધારીત સમયે યોજાવાનું નક્કી કર્યું. તે માટેના સર્વે ચડાવા સર્વાનુમતે લેવા નક્કી થયા.

પ્રભુ મહાવીરની ઉત્થાપન વિધિ, પ્રભુજીનો નગર પ્રવેશ, પોંખણા વિધિ, પ્રભુજીનો ગૃહચૈત્યે પ્રવેશ, પ્રભુજીની સ્થાપના અને ચલ પ્રતિષ્ઠા વિધાન, કંકુના થાપા, દ્વારઉદ્‌ઘાટન વગેરેના ચડાવા અને તા. ૨૮.૦૫.૨૦૧૭ થી તા. ૨૯.૦૫.૨૦૧૭ની નવકારશીનો પણ સંપૂર્ણ લાભ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા પ.પૂ.સા.**શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.**ની પ્રેરણાથી **સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા (વારાપધર) હસ્તે : અ.સૌ. હંસા જીજ્ઞેશ લોડાયા (ડોંબિવલી)** હર્ષોલ્લાસ અને ઉછળતા ભાવે અમૂલ્ય લાભ લીધો. ઉપસ્થિત વરિષ્ઠ મહાનુભાવોમાં કચ્છી જૈન ફાઉન્ડેશનના ટ્રસ્ટીગણ **શ્રી ચંદ્રકાન્ત વલ્લભજી ગોગરી (નાના ભાડીયા), શ્રી દીપકભાઇ ધારશી ભેદા (મોખા), શ્રી મુલચંદભાઇ ગંગર (ટુંડા), શ્રી હસમુખભાઇ હરીયા (હમલા મંજલ), શ્રી જીગ્નેશ લખમશી દેઢીયા CA** (ગઢસીસા), શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇના પ્રમુખ **શ્રી કલ્પેશભાઇ માણેકજી મોતા**, માનદ્‌મંત્રી **શ્રી રમેશભાઇ હીરજી લોડાયા, શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી**ના પદાધિકારીઓ, **શ્રી નરેન્દ્ર જેતશી શિયાલ, શ્રી રાયચંદ દેવશી જીવાણી, શ્રીમતી વિજયાબેન દિનેશ લોડાયા** પણ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૨૯.૦૫.૨૦૧૭ના શુભ સવારે આજ પ્રભુ મહાવીર સ્વામીનો નગર પ્રવેશ થયો. નિર્ધારીત સમયે વિવિધ વિધાનો યોજાયા. પ્રભુ ગાદીનશીન થયા. જયઘોષ થયા, વરૂણ દેવ પણ આ પ્રતિષ્ઠામાં જોડાયા. શ્રી લારકીન્સનગર યુવક મંડળે પ્રભુ ભક્તિ ભાવના કરી ભક્તિમય વાતાવરણ બનાવ્યું. તા. ૩૦.૦૫.૨૦૧૭ના શુભ પ્રભાતે દ્વાર ઉદ્‌ઘાટન વિધાન **પ.પૂ.મુનિરાજ શ્રી દેવરક્ષિતસાગરજી મ.સા.**ની નિશ્રામાં થયેલ.

ત્રિહાન્હિકા મહોત્સવને ચાર ચાંદ લગાડનાર લારકીન્સનગરના શ્રીમતી જીજ્ઞાબેન વિજય છેડા, શ્રી ઠાકરશી હેમરાજ દેઢીયા, શ્રી કલ્પેશ ખુશાલચંદ ધરમશી, શ્રી જયંતિલાલ આણંદજી વીરા, શ્રી કલ્યાણજી લાલજી છાડવા, શ્રી અશોક વલ્લભજી ગાલા, માતુશ્રી જયવંતીબેન રતનશી ગાલા, શ્રી નરેશ જયંતિલાલ મૈશેરી, શ્રી પ્રતિક વલ્લભજી ગાલા, શ્રીમતી મનિષા દિલિપ વિકમશી, શ્રીમતી બીના હીતેન ગડા, શ્રીમતી સ્મીતા વિજય નાગડા સહ લારકીન્સનગરના સમસ્ત યુવા કાર્યકર્તા, સામાયિક મંડળ અને નામી-અનામી કાર્યકર્તાઓની શ્રી સંઘ ખુબ-ખુબ અનુમોદના કરે છે. ભવિષ્યમાં પણ આવોજ સાથ સહકાર આપતા રહેજો.

લિ. ટ્રસ્ટીઓ કચ્છી જૈન ફાઉન્ડેશન

ખર્ચના બે છેડા ભેગા કરવાનું ગરીબો માટે જ નહીં, શ્રીમતો માટે પણ મુશ્કેલ બની ગયું છે કેમ કે જેટલું હોય, ઓછું જ પડે છે અને જેમ વધારે મળે છે તેમ ઈચ્છાઓ વધતી જાય છે. આનો અંત ક્યાં? પોતાનામાં રહેલા શ્રેષ્ઠને બહાર કાઢવાને બદલે જ્યારે પોતાની શ્રેષ્ઠતા માણસ વસ્તુઓ દ્વારા સાબિત કરવા જાય ત્યારે પછી કોઈ ઉગાર રહે નહીં.

આ વાતાવરણમાં સુધાબહેન જેવા કોઈકને જોઈને સમજાય કે સાદગીનો વૈભવ કેવો હોય અને સ્ટાઈલિશ હોવા છતાં સાદગીપૂર્ણ કેવી રીતે હોઈ શકાય છે. સાદગીનાં અનેક ફાયદા છે. પહેલું તો તેનાથી ઘણીબધી નકામી મૂંઝવણોમાંથી બચી શકાય છે. શક્તિ વેડફાતી અટકે છે અને બાહ્ય ચીજો પર એકાગ્ર થવાને બદલે તમે આંતરિક ઊર્જા પર એકાગ્ર થાઓ છો. મનમાં સફળતા, ફોકસ, શાંતિ અને આનંદ માટે ઘણીબધી જગ્યા થાય છે. આનું જીવતું જાગતું ઉદાહરણ એમલે શમા. પાંચ વર્ષ પછી તેને મળીને હું ચકિત થઈ ગઈ. તે ખૂબ સુડોળ, તેજસ્વી, સ્વસ્થ અને શાંત લાગતી હતી.

મેં પૂછ્યું, 'તેં શું કર્યું?'

એ હસીને કહે, 'કંઈ કર્યું નથી. કારણ વગરનું જે કર્યા કરતી હતી તે કરવાનું છોડ્યું છે ફક્ત.'

'એટલે શું?'

'કપડાં, એસેસરિઝ પા ભાગના કરી નાખ્યાં. જાતે જ જઈ એક એનજીઓમાં આપી આવી. સંબંધોમાં વધારે પડતું ઈન્વેસ્ટ કરવાનું છોડી દીધું. કામ કરવાની પદ્ધતિ એવી રાખી કે મારી પાસે વધારે સમય બચે. કોઈની જિંદગીમાં માથું મારતી નથી. કોઈને મારી જિંદગીમાં માથું મારવા દેતી નથી. કોઈને નડતી નથી અને મનગમતાં કામ કરતી રહું છું.'

'પણ આવું કરવું તો મુશ્કેલ છે. એટલે કે તારાં વાક્યો તો સરસ છે, પણ એ પ્રમાણે નિર્ણયો કરવા ને પગલાં ભરવાં અઘરાં છે. તેં એ કવી રીતે કર્યું?'

'મને લાગે છે કે યોગા અને મેડિટેશન કામ આવ્યાં. મેં પોતાને પૂછ્યું કે તારે જિંદગીમાં શું જોઈએ છે, કે તરત જાતને જ કેન્દ્રમાં રાખીને વિચારવાનું ઓછું થયું. ના પાડતા આવડી ગયું. સમગ્ર વિશ્વને વિશ્વાસ અને મિત્રભાવથી જોતી થઈ. મને સમજાયું કે ઝડપથી સરતી જતી જિંદગીમાં સાચે જ અગત્યનું શું હોય છે.'

'શું હોય છે?'

'શાંતિ, સદ્‌ભાવ અને વિચારોની સ્પષ્ટતા.'

શમાએ પાંચ વર્ષ પોતાના પર કામ કરીને 'સિમ્પ્લિસિટી ઈઝ અલ્ટીમેટ સોફેસ્ટીકેશન' એ ઉક્તિનો ખરો અર્થ પચાવ્યો હતો. આપણે આખી દુનિયાની ચિંતા કરીએ છીએ – બધાની ટીકા કરીએ છીએ, પણ પોતાના તરફ જોતા નથી. કાં તો પોતાને સર્વ ગુણ સંપન્ન સમજીએ છીએ કે પછી પોતાને બીજા સાથે સરખાવીને પોતાનું મૂલ્ય આંકીએ છીએ, જે કદી વાસ્તવિક હોતું નથી. ભૌતિક આનંદો પાછળની દોટ, ભ્રમણાઓની બોલબાલા અને સત્યની અવગણનાના આ યુગમાં જિંદગીનો સાચો આનંદ લેવો હોય તો સાદગી અને સરળતાને સેવવા રહ્યાં. સાદા હોવું એટલે નિસ્તેજ હોવું નહીં અને સરળ હોવું એટલે મૂર્ખ હોવું નહીં એટલું યાદ રહેશે તો તમે જે રસ્તો પકડશો તે તમારા માટે સાચો જ હશે.

**– સોનલ પરીખ,** 'જન્મભૂમિ'માંથી સાભાર

**લગ્ન સંબંધી :** હાલ ડોંબિવલી સ્થિત જન્મ ૧૯૮૮, ઉંચાઈ ૫'.૧'', વજન ૫૫ કિલો, અભ્યાસ ગ્રેજ્યુએટ, સર્વીસ કરતા કુંવારા યુવક માટે કુંવારી કન્યાના વડીલો ફોટો, બાયોડેટા અને કુંડલી સાથે સંપર્ક કરે. Contact : **Tejas : 09870120170** • Email : tshah4u@gmail.com

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**માટુંગા.** ફોન : 2402 5070 / 86522 39537

- **સાચી /ટેસ્ટેડ જરીની સાડીઓ – ચણીયા ચોલી**
- **ઘરચોળાની બોર્ડરો – ભારે પાનેતર**
- **પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ**
- **તૈયાર તેમજ ઓર્ડરથી પણ** **સોમવારે બંધ**

**'બોન સેટર' ડૉ. ઝવેરચંદ વેરશી માંયા મોતાની ચિરવિદાય**



ક.દ.ઓ. સમાજના ડૉ. ઝવેરચંદ મોતાએ ૩૦ થી ૩૫ વર્ષોથી હાડકાના નિષ્ણાંત તરીકે કાર્ય કર્યું. છેલ્લા ૨૧ વર્ષથી ખેતવાડી ખાતે કલીનીક ચલાવ્યું. પોતાની બોન સેંટીંગની વિલક્ષણ શક્તિથી અનેક રોગીઓને સાજા કર્યા છે. લકવા, સ્પોન્ડીલાઈટીસ, ફ્રોજન સોલ્ડર, ઘુંટણનો દુઃખાવો જેવા હાડકાની તકલીફ ધરાવતા અનેક વ્યક્તિઓને સાજા કરી તેમના આશિર્વાદો પ્રાપ્ત કરનારા ડૉ. ઝવેરચંદએ અણધારી વિદાય લીધી જે ખૂબજ દુઃખદ છે. એમના કાર્યને તેમના ધર્મપત્ની ડૉ. સોનલ મોતા, ઓમકાર મોતા, યોગેશ મોતા તથા રંજન સાબટ આગળ ધપાવી રહ્યા છે.

**ભુલ સુધાર :** અંક ૧૯માં પાનાં ૨૮ ઉપર સુધારીને વાચવું. આંખના નિષ્ણાત **ડૉ. હર્ષ મેપાણી,** DOMS/FCPS (Ophthal) - Mob.: 09879574310, **હિરલ હર્ષ મેપાણી** - 09429297888, **હૉસ્ટિપલ** - (2836) 230011

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન મહા. એકમ મહિલા મંચ - ધુલીયા

તા. ૮/૩/૨૦૧૭ ના વિશ્વ મહિલા દિને મહિલા મંચની સભા સૌ. ચેતનાબેન જયેશ ભાટેના પ્રમુખપણા હેઠળ મળેલ. તેમાં વિશેષ પેપર ગેમ રમાડવામાં આવેલ જેમાં પ્રથમ સૌ. શીતલબેન ભાટે તથા સૌ. મનિષાબેન ભાટે વિજેતા થયેલ. સૌ. નીતાબેને ભારતના પ્રથમ વડાપ્રધાન સ્વ. શ્રીમતિ ઈંદિરા ગાંધી વિશે માહિતી આપેલ. પ્રોટીન યુક્ત મિક્સ દાળ ભજીયાં બનાવતાં શીખવેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. પ્રીતિબેન મોમાયાને ઈનામ મળેલ. બાદ સૌ. મધુમતીબેન ભાટે મહિલા દિન વિશેષ હાફ મિનિટ ચીટ ગેમ રમાડેલ જેમાં સૌ. ચેતનાબેન ભાટે તથા સૌ. પ્રીતિબેન મોમાયા વિજેતા થતાં સૌ. મધુમતીબેન તરફથી ઈનામ આપવામાં આવેલ. મહિલા મંચની મહિલા વિશેષ પેપર ગેમ અને સરપ્રાઈઝ ગેમના વિજેતાઓને સૌ. નીતાબેન તરફથી ઈનામ આપવામાં આવેલ.

તા. ૨૮/૩/૨૦૧૭ના મહિલા મંચની સભા સૌ. ચેતનાબેન જયેશ ભાટેના પ્રમુખપણા હેઠળ મળેલ. ભારતીય સૌર વર્ષ તથા મરાઠી નૂતન વર્ષ નીમિત્તે સહુને શુભેચ્છા આપવામાં આવેલ. સૌ. પ્રેરણાબેને ભારતનાં પાડોશી દેશ નેપાળ અને પાસપોર્ટ બનાવવા અંગે માહિતી આપેલ. સાથે ઘરમાંજ બનાવી શકાતાં શરબતના પાવડર અને નાનખટાઈ બનાવતા શીખવેલ. બાદમાં પેપરગેમ રમાડેલ જેમાં સૌ. મનિષાબેન ભાટે તથા સૌ. પ્રીતિબેન મોમાયા વિજેતાં થયેલ. લક ગેમમાં સૌ. મનિષાબેન ભાટે તથા સૌ. હર્ષાબેન સોની વિજેતા થયેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. મનિષાબેન ભાટે વિજેતા થયેલ. વિજેતાઓને સૌ. પ્રેરણાબેન તરફથી ઈનામ આપવામાં આવેલ.

તા. ૨૭/૫/૨૦૧૭ના મહિલા મંચની સભા સૌ. ચેતનાબેન જયેશ ભાટેના પ્રમુખપણા હેઠળ મળેલ. સૌ. ચેતનાબેને સ્વાસ્થ્ય અંગે વિવિધ મુદ્દાઓ અને એક્યુપ્રેશર પોઈન્ટ દ્વારા માહિતી અને આરોગ્ય વિષયક ટીપ્સ આપેલ. મહારાષ્ટ્ર રાજ્ય વિશે સંપૂર્ણ માહિતી આપેલ. સાથે માઝા મેન્ગો સીરપ અને ઈનો સોડા બનાવતાં શીખવેલ. ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનની ગેમમાં સૌ. રમીલાબેન ગોસર વિજેતા થયેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. કુંજનબેન ભાટે તથા સૌ. શીતલબેન ભાટે વિજેતા થયેલ. વિજેતાઓને સૌ. ચેતનાબેન તરફથી ઈનામ આપવામાં આવેલ.

### કોઠારા ગામે ચાંમુડા માને નમતા મૈશેરી પરિવાર

કચ્છ કોઠારા ગામે ચાંમુડા માને નમતા મૈશેરી પરિવારોને જણાવવાનું કે માતાજીની ધ્વજા કારતક સુદ ૧૪ને તા. ૩-૧૧-૨૦૧૭ના છે. જેને ધ્વજા રોહણમાં હાજર રહેવું હોય તે તા. ૩-૧૧-૨૦૧૭ના સ્વંયમ પોતાને ખર્ચે હાજર રહી શકશે.

### શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ - ગાંધીધામ

તા. ૧૧ જુન ૨૦૧૭ના કચ્છ એકમ કારોબારી કમિટીની મિટીંગ એકમ ભવન ભુજ મુકામે મળેલી જેમાં આગામી સમય માટે નીચે મુજબના કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવી.

પર્યુષણ પર્વ બાદ તા. ૦૩-૦૯-૨૦૧૭ રવિવારના સમસ્ત કચ્છ વિસ્તારના જ્ઞાતિજનો સાથે સમૂહ ક્ષમાપના તેમજ વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમ (બૃહદ ગાંધીધામ વિસ્તાર સિવાય) નલિયા મુકામે રાખેલ છે. બધાજ વિદ્યાર્થીઓની ગુણપત્રકની નકલ તા. ૩૧-૦૭-૨૦૧૭ સુધી કચ્છ એકમના કાર્યાલય અથવા એકમના પ્રતિનિધિઓને પહોંચતી કરવા વિનંતી. આગામી સમયમાં જ્ઞાતિના યુવક-યુવતિઓ માટે સગપણ સંમેલન તેમજ સમૂહ લગ્નનું આયોજન કચ્છમાં કરવું.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુન્ડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુન્ડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની આગામી ભાવના તા. ૩૦-૭-૨૦૧૭ના રવિવાર રાતના ૯ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ કાંતીલાલ વિકમશ, વિનોદ મોતા, તરૂણ નાગડા, અજીત લોડાયાએ સહિયારો લીધેલ છે. ભાવનામાં રીધ્ધી સીધ્ધી મંડળ પધારશે.

### કચ્છી જૈન સમાજ ઇંદોર દ્વારા અષાઢી બીજ

૨૫ જુન ૨૦૧૭ ને રવિવારના ઇંદોરના શ્રી કચ્છી જૈન સમાજે સ્નેહલતાગંજના સમાજભવન પર પરસ્પર ''નયે વરે જી લખ લખ વધાયું'' આપીને નવ વર્ષના વધામણા પાઠવ્યા હતા. સમારોહની શરૂઆતમાં યુવતીઓએ ઝવેરચંદ મેઘાણીની અમર રચના ''મારૂ મન મોર બની થનગનાટ કરે'' પર ગરબા ગાઈને માહોલને રીતસર અષાઢીમય બનાવી દીધો હતો. ત્યારબાદ સામાજિક વિષમતા પર આધારિત કચ્છી નાટકની શાનદાર રજુઆત કરીને ખૂબ જ દાદ મેળવી હતી રેખાબેન, મીનાક્ષીબેન, સીમાબેન, પ્રીતીબેનના અભિનય અને એમના રમુજી સંવાદોથી શ્રોતાઓ ડોલી ઉઠ્યા. ધ્રુવી દેઢીયા એ હારમોનિયમ વગાડી સુંદર ગીત પ્રસ્તુત કરેલ. પારસ હરીયાએ વર્તમાન યુવાપેઢીની દામ્પત્યજીવનની ખોટી અપેક્ષાઓ પર વિચાર વ્યક્ત કર્યા.

આ પ્રસંગે ૨૦૦ જેટલા લોકા હાજર રહ્યા હતા. સંચાલન રાજેશ દિનેશભાઈ ધરમશી એ કચ્છી છટામાં કર્યું.

પ્રમુખ શ્રી સતીશભાઈ ગોસરે સર્વે સમાજજનોને નવ વરસની વધાઈ અને શુભાશીષ આપ્યા. આભાર કિરીટ શામજીભાઈ દેઢિયાએ પ્રગટ કર્યું.

### શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસ ગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરણાથી ટ્રસ્ટની શરૂઆત થયેલ. પૂ. શ્રી દર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શન થી ટ્રસ્ટ કાર્યો કરી રહેલ છે. દર બુધવારના જરૂરતમંદોનો ભોજન આપનાર કાયમિતિથિના દાતાઓના નામ : ૧) વેરશી રતનશી ગડા (મુલુંડ), ૨) દેવજી દામજી કુરૂવા (કાંદિવલી), ૩) સરલાબાઈ ગંગાજર મોમાયા (ચેન્નઈ-સાંયરા) પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ના દિક્ષા તિથી નિમીતે, ૪) વિમલાબેન શશીકાંત લોડાયા (અંકલેશ્વર), ૫) પ્રિયમવંદાબેન માતુશ્રી દેવકુંવરબાઈ - પિતાશ્રી મેઘજી વેલજી ધરમશી (હસ્તે - ઉર્વશી, વિધાતા, તક્ષશીલા મેઘજી ધરમશી (તારદેવ), ૬) જેઠાભાઈ કેશવજી પરિવારની દિકરીઓ - તરલા કુમાર અજાણી, જયશ્રી પ્રફુલ મોતા, હીના ઉમેશ ઝવેરી, ગોપિકા કાર્તિક મૈશેરી, ૭) સ્નાત્ર મંડળ, પુણય સમુહ સામાયિક મંડળ (ગદગ), ૮) લક્ષ્મીબાઈ માણેકજી મૈશેરી (રાયપુર)

### કલીકટ સમાચાર

કલીકટ અને બડગરા કચ્છી જૈન સમાજે મળી તા. ૨૫-૬-૨૦૧૭ રવિવારના અષાઢી બીજ - કચ્છી નવું વર્ષ હર્ષોલ્લાસ થી ઉજવ્યું. કાર્યક્રમની શરૂઆત નાના બાળકો દ્વારા નવકારમંત્ર પાઠ થી થઈ અને ત્યારબાદ સ્વ. શ્રી ગોવિંદજી પુનશી ધરમશી અને સ્વ. શા. હીરજી પાશ્વીર દંડની આત્માની શાંતી માટે બે મીનિટ નો મૌન પાડવામાં આવેલ. સમાજની બેનોએ નાના મોટા બધા માટે વિવિધ સરસ મજાની રમતો રમાડી સર્વેનું મનોરંજન કરેલ. S.S.C. અને ઉચ્ચ કક્ષાઓમાં પાસ થયેલ બધા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને ઇનામ આપવામાં આવેલ. ત્યારબાદ લકી ડ્રો કાઢવામાં આવેલ અને વિજેતાઓને ઇનામ આપવામાં આવેલ. પછી બધાએ હાઉસીની રમતની મજા માણી.

### ક.દ.ઓ. મહિલા મંચ અમદાવાદ

તા. ૩૦-૬-૨૦૧૭ના કચ્છી ભવનમાં મહિલા મંચનું નવા વરસનું પેલું કાર્યક્રમ 'ગેટ ટુગેદર' રાખેલ. અષાઢી બીજ કચ્છી નવા વરસ નિમિતે કચ્છી પેહરવાશ ડ્રેસ કોડ રાખેલ તથા કચ્છી ગેમ ''ધીંગા મસ્તી જી ધમાલ'' રમાડવામા આવેલ. મીરા ધરમશીએ ગ્રુપ ગેમ રમાડેલ. એમા નીહારીકા છેડા તથા ભુમિકા છેડા એ મદદ કરેલ. ગેમના ઇનામના દાતા લક્ષ્મીબેન ખત્રી હતા મહિલા મંચ એમનું આભાર માને છે. ૫ ગ્રુપ બનાવામાં આવેલ ૧૦ જણા એક ગ્રુપમાં હતા તેમાંથી એક ગ્રુપ વિજેતા બન્યા હતા. ૨૯-૬ના રોજ મહિલા મંચના પ્રમુખ ગુણવંતીબેન દંડના જન્મદિવસની ઉજવણી કરી. ખુબજ સારી સંખ્યામાં બધી મહિલાઓ સરસ તૈયાર થઈને આવેલ. આગામી કાર્યક્રમ ૨ ઑગસ્ટના રોજ રાખી બનાવાની તથા મીઠાઈની હરિફાઈ રાખવામાં આવેલ છે.

### ૧૦મી જુલાઈથી કંડલા-મુંબઈ વિમાની સેવા

દેશભરના પ્રાદેશિક ક્ષેત્રના જોડાણોને અનુલક્ષીને કંડલા-મુંબઈ વિમાની સેવાનો સ્પાઈસ જેટ દ્વારા ૧૦મી જુલાઈથી પ્રારંભ થઈ રહ્યા છે. જેના બુકિંગના શ્રી ગણેશ થઈ ગયા છે. સ્પાઇસ જેટની ફલાઈટ નં. એસ.જી.૨૮૭૫ મુંબઈથી બપોરે ૧.૦૫ વાગ્યે ઉપડશે જે કંડલા ૨.૩૦ વાગ્યે પહોંચશે, જ્યારે ફલાઈટ નં. એસ.જી.૨૮૭૬ કંડલાથી ૩.૧૦ વાગ્યે ઉપડી મુંબઈ ૪.૫૦ વાગ્યે પહોંચશે. આ વિમાની સેવાનું બે તરફનું ભાડું રૂા. ૫૧૦૦/- એક તરફનું ભાડું રૂા. ૨૬૦૦/- છે.

### મદુરાઈ (તામિલનાડુ) ખાતે ચાતુર્માસ પ્રવેશ

તા. ૨૫-૬-૨૦૧૭ના શ્રી સુમતીનાથ જૈન નયા મંદિર-મદુરાઈ ખાતે મહાતપસ્વી પૂ. મુનીપ્રવર ગુરૂદેવ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા., મુનીશ્રી રાજશેખરસૂરીજી મ.સા., મુનીશ્રી ધર્મશેખરસૂરીજી મ.સા. આદી ઠાણા ૩નો ચાતુર્માસ પ્રવેશ થયો હતો. આ પ્રસંગે તિરપુર, કોઈમ્બતુર, બડગરા, કોચીન, એર્નાકુલમ, સેલમ, મુંબઈ વગેરે સ્થળોએથી ભાવિકો પધાર્યા હતા.

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**જિનલ રવિન્દ્ર લોડાયા**
નલીયા - ચોપડા
F.Y. B.Com
**A+ Grade**



**દિશા શરદ મૈશેરી**
બેલ્લારી (જખૌ)
H.S.C.
**96.33%**



**સાર્થક દર્શન શાહ**
મુલુંડ - ગોએરસમા
S.S.C. (ICSE)
**93.67%**



**દેવ ચંદ્રસેન કલ્યાણજી છેડા**
મુંબઈ
S.S.C. (ICSE)
**95.83%**



**પ્રેયાંક વિપુલ હરીશ ધરમશી**
અમરાવતી
S.S.C. (CBSE)
**95%**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **સાગર જગદીશ ધુલ્લા** | ૨, ધરમ એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, નેમીનાથ સોસાયટી-૩, કામદાર કૉલોની-૩, |
| (PS 7260) | જામનગર - ૩૬૧ ૦૦૬. મો.: ૯૭૩૭૪ ૧૮૯૭૮ |
| **ચેતન હંસરાજ મોમાયા** | ૧૫૦૧-૧૫૦૨, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, |
| (PS 860) | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ** | અતિથિગૃહ નં. ૧, અનંત સિધ્ધિ, એલ.બી.એસ. માર્ગ, |
| (PS 880) | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. |
| **ભરત ભવાનજી લોડાયા** | ૧૪૦૫/૧૪૦૬, સેલીબ્રેશન, સિટી ઑફ જૉય, લોક એવરેસ્ટની સામે, |
| (PS 3448) | સીમેંટ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **ટારઝન લાલજી ધરમશી** | ૧૫-૧૬, જ્ઞાનજ્યોત, સી-વિંગ, ૩જે માળે, શિવ મંદિર રોડ, રામ નગર, |
| (PS 3164) | શિવ મંદિર પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. |
| **વિપીન ગુલાબચંદ ભાટે (ખોના)** | ૫૦૨, માલપાણી સેફ્રૉન, બી બિલ્ડીંગ, સી વિંગ, પાચમે માળે, |
| (PS 6523) | મુંબઈ-આગ્રા રોડ, પાથર્ડી ફાટા, અંબાડ, નાસિક - ૪૨૨ ૦૧૦. |
| (અંક ૨૬ માં સુધારીને વાંચવું) | વિપીન : ૯૨૨૫૧ ૧૮૭૭૭, હસુમતી : ૭૭૯૮૪ ૯૫૯૮૨ |
| **ચેતન લહેરચંદ જીવાણી (ભુનવર)** | હાઉસ નં. ૧૨, ગોકુલ નિવાસ, જલારામ મંદિર પાસે, વજીરાબાદ, દિલીપ સિંઘ કૉલોની, |
| (PS 7318) | નાંદેડ-૪૩૧ ૬૦૧. મો.: ચેતન ૯૯૨૧૫ ૮૦૦૦૪, પ્રણવ ૭૩૫૦૩ ૬૮૧૩૨ |

## જીવનચક્ર

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૬-૧૭ | નવી મુંબઈ | ઋષી, ખ્યાતિ પુનીત હરીશ ધરમશી | જખૌ | પુત્ર |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૭-૧૭ | સાયન | પુનીત કસ્તુરચંદ દામજી દંડ (શાહ) | વરાડીયા | ૩૩ |
| | મુલુંડ | માનસી હરીશ જવેરચંદ ધુલ્લા | તેરા | ૩૦ |
| ૦૨-૦૭-૧૭ | ગદગ | હાર્દિક વિજય પ્રવીણચંદ્ર લુઠિયા | નાની ખાવડી | ૨૭ |
| | ડોમ્બીવલી | સુધા યોગેશ મુલચંદ દંડ | ભરૂડીયા | ૨૭ |
| ૦૪-૦૭-૧૭ | ડોમ્બીવલી | અજીત દિલીપ પદમશી ધરમશી | જખૌ | ૩૬ |
| | ડોમ્બીવલી | કિરણ હીરાચંદ ખેતશી મોતા | કુઆપધર | ૩૦ |
| ૦૬-૦૭-૧૭ | નાલાસોપારા | તુષાર હીરાચંદ ડુંગરશી ગોશર | વારાપધર | ૨૫ |
| | વિરમગામ | સેજલ મણીલાલ શામજી મૈશેરી | લાલા | ૨૧ |

**આંતરજ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૭-૧૭ | ગિરગામ | કૌતુક રાજેશ રમણલાલ દેસાઈ | સુરત | ૨૪ |
| | મુલુંડ | ફોરમ મહેન્દ્ર કુંવરજી ભેદા | વારાપધર | ૨૪ |

**આંતરજ્ઞાતિય લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૭-૧૭ | રાયચૂર | હિમાંશુ શ્રીકાન્ત લોડાયા | સુથરી | ૨૯ |
| | રાયચૂર | મિથિલા મહાવીર રાજ સિંઘવી | સોજત | ૨૯ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૭-૧૭ | મુંબઈ | રાજુલાબેન મનહરલાલ વોરા | જામનગર | ૭૩ |
| ૦૪-૦૭-૧૭ | ભોપાલ | સીમા અનિલ લક્ષ્મીચંદ હિરજી ખોના | સાંધવ | ૪૯ |
| ૦૫-૦૭-૧૭ | ડોમ્બીવલી | વિમલાબેન પ્રવીણ લોડાયા | ભરૂડીયા | ૬૮ |
| ૦૫-૦૭-૧૭ | મુલુંડ | કિર્તી ખેતશી કુરૂવા | બાયઠ | ૬૬ |
| ૦૬-૦૭-૧૭ | બદલાપુર | મુલચંદ રતનશી કલ્યાણજી શિયાલ | જખૌ | ૫૬ |
| ૦૬-૦૭-૧૭ | અંધેરી | મધુરિકા જેઠાલાલ એ. નાગડા | વારાપધર | ૭૪ |
| ૦૭-૦૭-૧૭ | દીવા | નૂતન દામજી નાગડા | નલીયા | ૬૫ |

# ક.દ.ઓ. જ્ઞાતિના પર્યાવરણ પ્રેમી શ્રી પ્રશાંત પદમશી શાહ (પુના)





પ્રશાંતભાઈ – 09822056198

પ્રશાંતભાઈએ પર્યાવરણ, કુદરતી સંપદા અને શક્તિના સ્ત્રોતોને વેડફાતા બચાવવા એક અનોખો પ્રયાસ આદર્યો છે. તેમણે હિંમ્મત ફાઉન્ડેશન નામની એક સામાજિક સંસ્થા સ્થાપી અને આર ક્લબ ચેરિટી સ્ટોર ચાલુ કર્યો છે. આ સંસ્થાઓને ઉદ્દેશ છે ઓછા વપરાશમાં લેવાયેલી, જુની ચીજવસ્તુઓ સરખી કરી ફરી વપરાશમાં લાવવી અને જુની ચીજવસ્તુઓને ફરીથી યાંત્રિક પ્રક્રિયા દ્વારા કાચા માલમાં રૂપાંતરિત કરીને અને એમાંથી નવી ચીજ તૈયાર કરી પર્યાવરણની સુરક્ષા કરવી અને પૃથ્વીને રહેવા લાયક રાખવી.

આપણે દરરોજ કપડાં, પુસ્તકો, લાકડાનું રાચરચીલું અને વિજાણુ યંત્રો ખરીદ કરીએ છે પણ આ ખરીદ કરતી વખતે આપણે માનવ શક્તિ અને કુદરતી કાચા માલ વિશે જરાપણ વિચાર નથી કરતા.

આપણે એ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ કે આ બધી ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરવા તોતિંગ પ્રમાણમાં માનવશક્તિ, યાંત્રિક શક્તિ, વીજળી શક્તિ અને મોટા પ્રમાણમાં કુદરતી કાચા માલની જરૂર પડે છે. આ બધીજ વસ્તુઓ કોલસો, પાણી, લાકડું, રસાયણ અને ઘણી બધી કુદરતી સામગ્રી ધરતીમાતા માંથી મળે છે, અને તેનો ઈંધણ તરીકે ઉપયોગ કરીએ છીએ. જો આપણે કુદરતી શક્તિઓ અને માનવ શક્તિ અને સંશોધનનો વિચાર કરીશું, પર્યાવરણનો વિચાર કરીશું તો ફક્ત પ્રામાણિકપણે જોઈતી વસ્તુઓ જ ખરીદશું અને બિનજરૂરી ચીજ વસ્તુઓનો સંગ્રહ નહીં કરીએ. ઘણી વખત આપણે મોભો રાખવા બિનજરૂરી ચીજો ખરીદીએ છીએ જે આપણે વાપરવાનું બંધ કરીને માળિયામાં મુકીએ છીએ. આથી વિવિધ પ્રકારની શક્તિ અને કાચોમાલ અને બીજા સાધનો કબાટ અથવા માળિયામાં વર્ષો સુધી કેદ થઈ જાય છે. જો આ ખરીદેલી વસ્તુઓને પાછી વપરાશમાં ન લાવવામાં આવે તો મનુષ્ય એની જરૂર કરતા વધુ અથવા જરૂર મુજબનું માળખું ધરતીમાતા પાસેથી જરૂર કરતાં વધારે ખનિજ, તેલ, લાકડા વગેરે રૂપે લઈને ઉભું કરી લીધું છે.

પ્રશાંતભાઈનો પ્રયાસ છે કે નકામી અને બીન જરૂરી ચીજ વસ્તુઓ જે કબાટ અને માળિયામાં પડી છે અને જેમાં કુદરત, કુદરતી શક્તિઓ અને માનવ શક્તિઓ અને પ્રયાસ કેદ થયેલા છે, એમને ફરી વપરાશમાં લાવી, મુક્ત કરી પર્યાવરણનું રક્ષણ કરવું અને પર્યાવરણને સ્વચ્છ રાખવું જેથી કરીને આપણે સુરક્ષિત રહી શકીએ.

આપણે આપણી ઓફિસ કે ઘરમાં ન જોઈતી ચીજ વસ્તુઓ પ્રશાંતભાઈની સંસ્થાને ભેટ કરી શકીએ છીએ જેથી કરીને આ વસ્તુઓ જરૂરિયાતવાળી વ્યક્તિઓને આપી શકાય, પાછી વપરાશમાં લાવી શકાય. પ્રશાંતભાઈની સંસ્થા કપડાં, પુસ્તકો, ફર્નિચર, ફૂલદાની, ભેટસોગાદની વસ્તુઓ, છબીઓ, કાંચના વાસણો, ચાલુ ઘડિયાળો સ્વિકારે છે.

પ્રશાંતભાઈના આ પર્યાવરણ બચાવવાના સંન્નિષ્ઠ પ્રયાસની ટાટા ઉદ્યોગગૃહ દ્વારા સંચાલિત TERI (તેરી) સંસ્થા દ્વારા નોંધ લેવામાં આવી છે, વખાણવામાં આવી છે. TERI સંસ્થાએ એપ્રિલ ૨૦૧૭માં યોજેલ ચલચિત્ર કાર્યશાળા અને ઉત્સવમાં ચલચિત્રોની સ્પર્ધામાં દર્શાવવામાં આવેલ એક ચલચિત્રમાં પ્રશાંતભાઈ અને એમના જેવા ૨૦ પર્યાવરણ હીરોની, પર્યાવરણ બચાવવાની કામગીરીને દર્શાવવામાં આવી હતી અને એમનું બહુમાન ફિલ્મ કલાકારો તથા આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

આપણી જ્ઞાતિના પર્યાવરણ પ્રેમી પ્રશાંતભાઈને ખૂબ ખૂબ અભિનંદન તથા આ કાર્યમાં આગળ વધે એવી શુભકામના...

**RCube Charity Store**
Shop No. 2, Raghuvansh Apartment,
Plot No. 78, Mayur Colony, Kothrud
Pune, Maharashtra 411038
Mob.: + 91 - 7774086353 / 9763728543
E-mail : rcubecharitystore@gmail.com
Website : www.rcubecharity.org

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (10-07-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001


# "Bipin Nagda's Success Story of 2017"




AMHI Gurgaon - Felicitated for Pride Award 2017 by Apollo Munich Health Insurance by Left - Mr. Krishnan Ramchandran (Deputy CEO) & Right - Mr. Sanjay Manaktala at Kingdom of Dreams, Gurgaon



ICICI Lombard Prague Budapest - Felicitated for Summit 2017 by ICICI Lombard General Insurance Company Ltd. at Prague-Budapest by (L-R) Mr Sanjeev Mantri (Executive Director) & Mr. Bhargav Dasgupta(MD & CEO)



Rangpur - Felicitated by Mr. Bhupendra Dand (Bhumiraj) & Mr Pankaj Dharamshi in Rangpur for Room donation in A/C Athithi gruha




Udaan St. Regis - Felicated for Udaan 2017 by (L-R) Mr. Bhargav Dasgupta(MD & CEO) and Mr Sanjeev Mantri(Executive Director)



AMHI Dombivali Branch - Innaugration of Dombivali Branch of Apollo Munich Health Insurance by Mr. Bipin Nagda and felicitation for the same (L-R First left -Sanjay Yadav, Second left -Bipin Nagda, Second Right - Tarun Sethi, First Right - Sandesh Mishra)



Everything in Insurance
(Life/Pension/General/Fire)
An ISO 9001 : 2008 certified company

ISO 9001:2008 Insurance Services Certified Company
You're safe in our hands.
Since 1977

Member Chairman Club for Agents

**BIPIN NAGDA**
India's Leading Insurance Agent, Since 40 years

Bipin Nagda Wealth Mgmt. & Ins. Mktg. LLP.,
682, Ajanta Compound, Bhiwandi, Thane - 421305
Tel.: 02522-232190 / 254011 / 231411 / 225666 / 231692
Mob.: 93235 25000 • W.App.: 98221 91498
bipinpnagda@gmail.com
www.bipinnagda.com
Timing : 8 am to 8 pm • Sunday : 8 am to 1 pm


if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,